# સાહિત્ય પરિષદના પ્રમુખપદ માટે ત્રિપાંખિયો જંગ


## ગાંધીનગરના ઈતિહાસમાં પ્રથમવાર બે સર્જકો મેદાનમાં : કવિ હરિકૃષ્ણ પાઠક, કવિ હર્ષદ ત્રિવેદી, કટાર લેખક પ્રકાશ શાહ વચ્ચે રસપ્રદ જંગ ખેલાશે : મધ્યસ્થ સમિતિની ૪૦ બેઠકો માટે ગાંધીનગરના ૮ સર્જકોની ઉમેદવારી : ગુજરાતી સાહિત્ય જગતમાં ગાંધીનગરનો દબદબો

ગાંધીનગર, તા. ૧૭

કોરોનાના કકળાટ વચ્ચે એવી અટકળ હતી કે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ અને મધ્યસ્થ સમિતિની ચૂંટણી આ વખતે થશે કે નહીં ? ૧૬ સાપ્ટેમ્બારની સાંજે એ અટકળોનો અંત આવ્યો અને ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ માટેના ઉમેદવારો અને મધ્યસ્થ સમિતિ માટેના ઉમેદવારોની યાદી જાહેર કરાઈ હતી.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખની ચૂંટણી છેલ્લા ઘણા સમયથી અનેક રીતે ચર્ચામાં રહી છે. આ વખતે એ ચર્ચાને વધારે વેગ મળ્યો છે. કારણ કે આ વખતે ત્રિપાંખિયો જંગ ખેલાવાનો છે. આ પૂર્વે કયાં તો પ્રમુખની બિનહરીફ વરણી થતી અથવા તો બે સર્જકો વચ્ચે ચૂંટણી થતી. આ વખતે પ્રકાશ ન. શાહ, હરિકૃષ્ણ પાઠક અને હર્ષદ ત્રિવેદી વચ્ચે ચૂંટણી યોજાશે.

આ ત્રણે સાહિત્ય પરિષદનો બહોળો અનુભવ ધરાવે છે. પ્રકાશ ન. શાહ 'નિરીક્ષક' વિચારપત્રને કારણે અને એમની વિશિષ્ટ ભાષાશૈલીને કારણે હંમેશા ચર્ચામાં રહ્યા છે. બાકીના બે સર્જકો ગાંધીનગર છે. ગાંધીનગર માટે પણ આ એક ઘટના છે કે એક સાથે બે સર્જકો પહેલીવાર આ નગરમાંથી ચૂંટણી લડી રહ્યા છે. હરિકૃષ્ણ પાઠક અને હર્ષદ ત્રિવેદી બંનેનું ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે



પ્રકાશ એન. શાહ



હરિકૃષ્ણ પાઠક



હર્ષદ ત્રિવેદી

નોંધપાત્ર પ્રદાન રહ્યું છે, બંનેને વહીવટનો પણ પૂરો અનુભવ છે. એટલે, આ વખતે પરિષદ પ્રમુખની ચૂંટણી કોણ જીતશે એ અંગે અટકળ કરવી મુશ્કલે છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખની ચૂંટણી સાથે સાથે મધ્યસ્થ સમિતિના ૪૦ સભ્યો માટે પણ ચૂંટણી થઈ રહી છે. પ્રમુખની ચૂંટણી માટે જેમ ત્રિપાંખિયો જંગ એક ઘટના છે એમ, આજીવન સભ્યોની ચૂંટણી ઉપરાંત સંવર્ધક સભ્યો અને સંસ્થા પ્રતિનિધિના સભ્યો વચ્ચે પણ કદાચ પહેલીવાર ચૂંટણી થવા જઈ રહી છે. મધ્યસ્થના ૪૦ સામાન્ય સભ્યો માટે ૮૧ ઉમેદવારો છે. એમાં ગાંધીનગરના કનૈયાલાલ ભટ્ટ, દીપક પંડ્યા, ધ્વનિલ પારેખ, નવટરભાઈ હેડાઉ, પ્રજ્ઞા પટેલ, રાધવજી માધડ, સમીર ભટ્ટ, નટવરભાઈ પરમાર ચૂંટણી લડી રહ્યાં છે.

ટૂંકમાં આ વખતની ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણીમાં ગાંધીનગરનું વર્ચસ્વ છવાયેલું જોવા મળે છે. ૧૯ સપ્ટેમ્બરથી મતદારોને મતપત્રક રવાના થશે. પ્રમુખની ચૂંટણીનું પરિણામ ૨૪ ઓકટોબરે અને મધ્યસ્થનું પરિણામ ૨૫ ઓકટોબરે જાહેર થશે. નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારી પ્રવિણ ત્રિવેદી ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા છે.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ગુજરાતી સાહિત્ય પરિષદની ચૂંટણી પ્રતિષ્ઠાભર્યો જંગ મનાય છે. આ વખતે ઉમેદવારોની સંખ્યા પણ વધુ છે. એટલે રસાકસી પણ વધારે થશે.

૨૪ ઓકટોબર અને ૨૫ ઓકટોબરની સાંજે ચિત્ર સ્પષ્ટ થશે કે આગામી ત્રણ વર્ષ માટે એકસો પંદર વર્ષ જૂની સંસ્થા પર કોનું વર્ચસ્વ રહેશે !

# ગૂજરાત વિદ્યાપીઠ સાદરામાં ફીટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત નિયમિત શારીરિક પ્રવૃત્તિઓ અને કસરતની તાલીમ

ચિલોડા, તા. ૧૭

ગૂજરાત વિદ્યાપીઠના સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓ રાષ્ટ્રીય ખેલ દિવસ અને મેજર ધ્યાનચંદના જન્મદિવસ પર શુરુ કરવામાં આવેલી ફીટ ઈન્ડિયા મૂવમેન્ટ





અંતર્ગત પરિવાર અને અન્ય લોકોને નિયમિત શારીરિક પ્રવૃત્તિઓની તાલીમ આપી રહ્યા છે અને તેના દ્વારા લોકોની રોગ પ્રતિરોધક શક્તિ વધારી રહ્યા છે. ભારત સરકારના ખેલ મંત્રાલય દ્વારા આપેલી માર્ગદર્શિકા મુજબ સામાન્ય કસરતો અને શારીરિક પ્રવૃત્તિઓની તાલીમ લગભગ ૧૫ દિવસથી આપી રહ્યા છે પરિવારના લોકોને સક્રિય રીતે અને બીજા લોકોને સોશિયલ મીડિયાના માધ્યમથી વિશેષમાં સ્વયમ સેવક ઈન્ફાન્સીયો ડિકોસ્ટા, કરણ રાઠોડ, દયાલી કુંવર, હસ્તી વેગડ, હર્ષ પટેલ, અજય સોલંકી , જીનાલી મોતા, ગૌરવ બાલ્યાન, જસ્મીન ઠાકોર અને કીર્તિ ચૌધરી આ શારીરિક યોગ્યતા અને ખેલોની તાલીમ આપી રહ્યા છે અને માનનીય વડા પ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા શારીરિક યોગ્યતા અને કસરતો માટે ફીટ ઈન્ડિયા મુવમેન્ટમાં આપેલો મંત્ર અને જન આંદોલનને લોકો સુધી પહોંચાડી રહ્યા છે વિશેષમાં જણાવવામાં આવે છે કે આ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગમાં સંપૂર્ણ ગૂજરાતની શ્રેષ્ઠ શારીરિક શિક્ષણ સંસ્થા તરીકે શારીરિક શિક્ષણ વિષયના વિવિધ અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યા છે અને આ સંસ્થાના શારીરિક શિક્ષણમાં તૈયાર કરેલા વિધાર્થીઓની આખા ગુજરાતમાં વિવિધ સ્કૂલો અને સંસ્થાઓમાં ખુબજ માંગણી રહે છે અને વિવિધ મોટી એજ્યુકેશન કંપની દર વર્ષે સાદરા આવી આ શારીરિક શિક્ષણના પ્રોફેશનલસ માટે કેમ્પસ ઈન્ટરવ્યુંનો આયોજન કરી તેમને સારી સેલરી સાથે મોટી અને સારી રેપ્યુટેશન વાળી સંસ્થાઓમાં નોકરી આપવાનું કાર્ય કરી રહી છે આ રીતે ગૂજરાત વિદ્યાપીઠના સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિદ્યાર્થીઓ માનનીય વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ર સ્વસ્થ ઈન્ડિયાને સાકાર કરી રહ્યા છે વિદ્યાર્થીઓ આ તાલીમના લીધે પોતાની રોગ પ્રતિરોધક શક્તિમાં વૃદ્ધિ કરી આ મહામારી સામે પોતાને સલામત રાખી બીજા સગાસંબંધીઓ અને અન્યને સોશિયલ મીડિયાના માધ્યમથી શારીરિક પ્રવૃત્તિ અને કસરતો કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે આ ફીટ ઈન્ડિયા મુવમેન્ટમાં ગૂજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સંયોજકશ્રી ડો. અરુણભાઈ ગાંધીનો, શારીરિક શિક્ષણ સંસ્થાના ડીનશ્રી પ્રભુલાલ કાસુન્દ્રા અને અન્ય અધ્યાપકોનો અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટનો સિંહ ફાળો રહેલો છે

# ગણપત યુનિ.ની ફાર્મસી ફેકલ્ટી દ્વારા એક અનોખી કારકિર્દીના નિર્માણ માટે માર્ગદર્શન વેબીનાર યોજાયો

ગણપત વિદ્યાનગર, તા. ૧૭

ગણપત વિદ્યાનગરની ફેકલ્ટી ઓફ ફાર્મસી દ્વારા તાજેતરમાં એક વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય હતો 'ટ્રાન્સિશન ફ્રોમ ઈન્ડિયન ફાર્માસિસ્ટ ટુ કેનેડિયન ફાર્માસિસ્ટસ્ : હર્ડલ્સ એન્ડ સોલ્યુશન્સ.' લીધો હતો.

અમદાવાદના ફાર્માકોલોજી ગુરુ કોચિંગ ઈન્સ્ટિટયુટના ડાયરેકટર ડૉ. નિલેશ કંજારિયા આ વેબીનારમાં મહેમાન નિષ્ણાત તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ગણપત યુનિ.ના પ્રો. વાઈસ ચાન્સેલર પ્રો. ડો. આર. કે. પટેલના માર્ગદર્શન કામ કરવા ઈચ્છતા ફાર્માસિસ્ટ માટે પાસ કરવી પડતી PEBC એકઝામ કેવી રીતે આપવી, તેને માટે શું તૈયારી કરવી, કેનેડામાં ચાલતી વિવિધ ફાર્મસી કૉલેજોની માહિતી અને તમામ પ્રક્રિયામાં ઊભી થતી મુશ્કેલીઓ અને તેનાં ઉપાયો - જેવા અનેક પાસાઓ વિષે




આ વેબીનારમાં ગુજરાત ઉપરાંત ૮ જેટલાં રાજયોના ફાર્મસીના અભ્યાસ રત એવાં સ્નાતક કક્ષાનાં, અનુસ્નાતક કક્ષાના અને અન્ય અભ્યાસુ-સંશોધકો તેમજ પ્રાધ્યાપકો મળીને કુલ ૧૮૫ જેટલાં જિજ્ઞાસુઓએ ઓનલાઈન ઉપસ્થિત રહી નિષ્ણાંતો દ્વારા વહેંચાયેલા જ્ઞાન-માહિતીનો લાભ હેઠળ પ્રો. ડો. આર.પી. પટેલ તથા પ્રો. અક્ષર પરિહારે વેબીનારનું સુચારું સંચાલન કર્યુ હતું.

ફાર્મસીનો અભ્યાસ પૂરો કરી કેનેડામાં ફાર્માસિસ્ટ તરીકે કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવાનોએ એ માટે કેવી રીતે રજિસ્ટ્રેશન કરાવવું, એ માટે કંઈ કંઈ યોગ્યતા અનિવાર્ય છે, કેનેડામાં સેટલ થઈ વેબીનારના મહેમાન નિષ્ણાત ડૉ. નિલેશ કંજારિયાએ આપી હતી. એટલું જ નહીં, વેબીનારના અંતે વિદ્યાર્થીઓ, સંશોધકો અને પ્રાધ્યાપકો દ્વારા પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નોના પણ ખૂબ સંતોષકારક પ્રત્યુત્તરો પાઠવી વેબીનારને પૂરેપૂરો સાર્થક બનાવ્યો હતો.

# સમર્પણ પરીવારના યુવા મિત્ર દ્વારા જન્મ દિવસની અનોખી ઉજવણી



ગાંધીનગર, તા. ૧૭

સમર્પણ પરીવારના યુવા મિત્ર મહેન્દ્રસિંહ જાદવે પોતાનો ૧૯ મો જન્મ દિવસ શિલદાત્રી વૃદ્ધાશ્રમ, સચાણા ખાતે વૃધ્ધ વડીલો સાથે સમય પસાર કરી તથા તેમને ફ્રૂટ અને બીજી જીવન જરૂરીયાત વસ્તુનું વિતરણ કરી એક માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું તથા પોતાના જન્મ દિવસની સાચા અર્થમાં ઉજવણી કરી વડીલોના આશીર્વાદ મેળવ્યા.

# ભાવનગર ગદ્યસભાના સ્થાપના દિવસ તથા જયંત પાઠક સ્મૃતિ દિવસે લેખન સ્પર્ધાનું આયોજન થશે

ગાંધીનગર, તા. ૧૭

ભાવનગર ગદ્યસભાના સ્થાપના દિવસ તેમજ જયંત પાઠક સ્મૃતિદિવસ નિમિત્તે વિશિષ્ટ એક લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાના વિષયો છે; ૧. મારા વ્યવસાય પ્રત્યેની મારી પ્રતિબદ્ધતા, ૨. મારા વ્યવસાયિક જીવનનો યાદગાર અનુભવ(અનુભવો, ૩. મારા વ્યવસાયની સંઘર્ષગાથા, ૪. મારો વ્યવસાય : મારા માટે પડકાર. લેખન માટેની મહત્તમ શબ્દ મર્યાદા ૨૦૦૦ શબ્દોની રહેશે.

વિજેતા સર્જકોને પ્રથમ ઈનામ રૂ. ૫૦૦૦, બીજું ઈનામ રૂ. ૩૦૦૦, ત્રીજું ઈનામ રૂ. ૨૦૦૦ તેમજ પાંચ અન્ય નોંધપાત્ર કૃતિઓને રુ. ૧૦૦૦ ના ઈનામો આપવામાં આવશે. સર્જકે પોતાની કૃતિ પી.ડી.એફ ફાઈલમાં વોટસએપ નંબર ૯૪૦૯૮૧૧૧૮૯ (પારસ મકવાણા) પર જ મોકલવી. કૃતિ પર માત્ર વિષય લખવો (કૃતિમાં ક્યાંય નામનો કે ઓળખાણનો ઉલ્લેખ ન કરવો. સર્જકે પોતાનું નામ,સરનામું,વ્યવસાય,મોબાઈલ નંબર, ઈ મેઈલ આઈડી, જેવી વિગતો અલગ મેસેજ દ્વારા ઉપરોક્ત વોટ્સએપ નંબર પર મોકલવાના રહેશે. કૃતિ મોકલવાની છેલ્લી તારીખ ૨૦/૦૯/૨૦૨૦ રહેશે. આ સ્પર્ધા સૌ કોઈ વ્યવસાયીકોને ભાગ લેવા માટે ભાવનગર ગદ્યાસભાનાં સંવાહક જયંતિ ગોહીલ 'માય ડિયર જયુ'' નું નિમંત્રણ છે.



વડાપ્રધાન તેમજ શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી નરેન્દ્રભાઈના જન્મદિવસ નિમિત્તે શ્રી સોમનાથ મંદિર ખાતે તેઓના નિરામય આરોગ્ય અને દીર્ઘાયુષ્ય માટે તીર્થ પુરોહિતો દ્વારા મહામૃત્યુજંય જાપ, આયુષ્યમંત્ર જાપ તેમજ મહાપૂજન કરવામાં આવ્યું હતું. શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ, સેક્રેટરી તથા સર્વે ટ્રસ્ટીઓ તેમજ ટ્રસ્ટ પરિવાર તરફથી નરેન્દ્રભાઈને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. સાયં સમયે શ્રી સોમનાથ મંદિરમાં વિશેષ દીપમાળા પ્રજ્વલિત કરવાના કાર્યક્રમનું પણ આયોજન કરેલ છે.






## કલોલની આંગણવાડીમાં વૃક્ષારોપણ અને પૂર્ણાશક્તિ વિતરણ કરીને વડાપ્રધાનના ૭૦માં જન્મદિવસની ઊજવણી

ભારતના વડાપ્રધાન માનનીય નરેન્દ્ર મોદીના ૭૦માં જન્મ દિવસ નિમિત્તે કલોલ પૂર્વમાં આવેલ આંગણવાડીના બાળકોના પોષણ આહાર માટે જામફળ, સીતાફળ,ચીકુ વગેરેના છોડ રોપીને અનોખી રીતે જન્મ દિવસ ઉજવ્યો હતો. વડાપ્રધાને સુપોષણ માટે આપેલ સૂત્ર 'સહી પોષણ દેશ રોશન 'અભિયાનને વેગ આપવા માટે જન જાગૃતિ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. એચ.કે.સોલંકીએ પીએમના જન્મ દિવસે ૭૦ ફળ,ઔષધીય રોપાઓ રોપવાનો સંકલ્પ કરીને ક્લોલની અંકિત સોસાયટીની અને બી.વી.એમ.ની ચાલીની આંગણવાડીમાં વૃક્ષારોપણ,માસ્ક વિતરણ કર્યુ હતું. આંગણવાડીની બહેનોએ કિશોરીઓ માટે પૂર્ણા શક્તિ પેકેટમાંથી બનતી પોષણયુક્ત વાનગીઓના પેકેટ અને ઘેર ઘેર સુખડી વિતરણ કર્યું હતું. આ પ્રસંગે કલોલ સેજા-૩ ના મુખ્ય સેવિકા હંસાબેન એફ.પરમારે હાજર રહી પોષણ આહારની માહિતી આપી હતી. બંને આંગણવાડીની કિશોરીઓને ૭૦ - ૭૦ માસ્ક પણ આપ્યા હતા.

# સૌરાષ્ટ્રના વરિષ્ઠ પત્રકાર કાંતિભાઈ કતીરાનું નિધન

ગાંધીનગર, તા. ૧૭

સૌરાષ્ટ્રના સન્માનીય અને આદરણીય વરિષ્ઠ પત્રકાર કાંતિભાઈ કતીરાના અચાનક નિધનના સમાચાર મળતા સમગ્ર પંથકમા શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. રાજકોટના પૂર્વ પ્રથમ મહિલા મેયર ભાવનાબહેન જોશીપુરાએ દુખ વ્યકત



કરતા કહ્યું હતુ કે મારા જેવી અનેક બહેનોએ સગાભાઈ સમાન વડિલબંધુ કાંતિભાઈને ગુમાવેલ છે.

રક્ષાબંધનના પ્રસંગ ને યાદ કરતા ભવનાબહેને જણાવ્યુ હતુ કે કાંતિભાઈ એ રાખડી બંધાવતા મને કહ્યુ હતુ કે તમારા જેવી બહેનોના કારણે તથા તમારી રક્ષાને કારણે જ મને ખુબ કામ કરવાની શક્તિ મળે છે.


# જન્મદિને વધામણી



જયદિપ જયસુખલાલ જાટકીયા
મો. ૯૦૯૯૯ ૪૪૪૯૦




પુનિત ગિરીશચંદ્ર જાટકીયા
અરિહંત ક્રિએશન, સે-૨૧
મો. ૯૦૯૯૯ ૪૪૪૯૦



કાનન ઓઝા
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩



પ્રાચી પી શાહ



ધ્યાનમ અભિષેક ભટ્ટ
મો. ૯૪૨૯૦ ૨૧૯૦૩



દિશા પટેલ



રાજવીરસિંહ ખાચાર
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



મહિપતસિંહ ગોહિલ
એન્જિનિયર, સિંચાઈ વિભાગ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક